૬૪૧૨૫

-: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક :જી/ડી.સીપી/ક્રાઈમ/જાહેરનામું/૧૯૩૭/૨૦૨૧,
નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચની કચેરી,
વડોદરા શહેર. તા.૨૨/૭/૨૦૨૧

**હુકમ** :-

ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિકત જાણવા મળેલ છે. તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જાપ્તામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોન નો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યના જાણાયેલ છે. તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્યો કરવાવાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકશાન ન થાય તેવા કૃત્યો અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઈ તકેદારીના પગલાં રૂપે વડોદરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (વિસ્તારમાં) અમુક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું ડો. શમશેર સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪નાં નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તા ની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ વડોદરા મધ્યસ્થ જેલ, વડોદરાની પ્રિમાઈસીસમાં (સંકુલનમાં) કોઈ પણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડનો ઉપયોગ કરી શકશે નહી અને મોબાઈલ ફોન કે સિમકાર્ડ રાખશે નહી, અને જેલના પ્રતિબંધીત વિસ્તારમાં કોઈ પણ મોબાઈલ ફોન કે સીમકાર્ડ જેવી વસ્તુ સાથે પ્રવેશ કરશે નહી.

-: **અપવાદ** :-

કોઈ પણ જાહેર રાજય સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યકિતને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહી.

-: **અમલવારીનો પિરિયડ અને વિસ્તાર** :-

આ હુકમનો અમલ તા.૨૩/૭/૨૦૨૧નાં ક.૦૦/૦૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧નાં ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

(ડો.શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

(પાછળ)..

D/2018/CRIME/JAIL MOBILE- J.NAMU

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો નોટીસ બોર્ડ લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ..

જાણ બાબત સહ નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી , વડોદરા રેન્જ, વડોદરા.
(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા. સોલારોડ અમદાવાદ.
(૭) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી ગુજરાત રાજય, અમદાવાદ.
(૮) જેલ અધિક્ષકશ્રી, વડોદરા સેન્ટ્રલ જેલ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નરશ્રી, માહીતી વિભાગ સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૬) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પો.ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.
(૧૭) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, વડોદરા. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારુ).
(૧૯) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.) વડોદરા રીજીયન વડોદરા.
(૨૦) મામલતદાર શ્રી અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૧) મામલતદાર શ્રી અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૨) સયુંકત માહીતી નિયામકશ્રી, વડોદરા.

૨/- સ્થાનીક વર્તમાનપત્રોમાં વીના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.